રાજય કલામહાકુંભના આયોજન બાબત.

ગુજરાત સરકાર

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

ઠરાવ ક્રમાંક: યસપ-૧૦૨૦૧૭-૮૯૭-અ

બ્લોકનં- ૨, ૮મો માળ, સરદાર ભવન,

સચિવાલય ગાંધીનગર-382010

www.sycd.gujarat.gov.in

તા. ૦૧/૦૭/૨૦૧૭

વંચાણે લીધા :

(૧) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૨૨/૦૫/૨૦૧૭ નો ઠરાવક્રમાંક યસપ/૧૦૨૦૧૬/૨૧૨૫/અ

(૨) કમિશનરશ્રી, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો તા. ૦૮/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક યસપ/સકપ/૨૦૧૭

આમુખ :

રાજયના સાંસ્કૃતિક વારસાનું જતન થાય, કલા સાહિત્ય અને સંસ્કૃતિમાં આગવી ઓળખ ધરાવનાર અલગ અલગ વયજુથના કલાપ્રેમીઓ અને પસંદગી પામેલ કૃતિઓનું તાલુકા કક્ષાએથી શરૂ કરી તબક્કાવાર રાજય કક્ષા સુધી તંદુરસ્ત સ્પર્ધા યોજવામાં આવે તથા રાજયની કલા સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુ થી રાજય કલામહાકુંભનું આયોજન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

આથી પુખ્ત વિચારણાના અંતે, રાજય સરકાર દ્વારા રાજયમાં પ્રતિવર્ષ સમગ્ર રાજય વ્યાપી સાંસ્કૃતિકકલાઓની સ્પર્ધાઓના સમુહ કાર્યક્રમ તરીકે કલામહાકુંભનું આયોજન કરવામાં આવશે.

(૧) તાલુકા/નગરપાલિકા/મહાનગરપાલિકાના વોર્ડ સમુહ-ઝોન

(૨) જિલ્લાકક્ષાએ

(3) પ્રદેશકક્ષાએ(રીજીયનલ)

(૪) રાજ્યકક્ષાએ

આ ચાર કક્ષા-તબક્કાએ સ્પર્ધાનું આયોજન યોજાશે.

૨. ચાલુ વર્ષ દરમ્યાન કલામહાકુંભની સ્પર્ધાઓ યોજવા માટેનું સમયપત્રક પરિશિષ્ટ-૧ પર સુચવેલ છે. દર વર્ષે સમયપત્રક અમલીકરણ સમીતિ નક્કી કરશે.

૩. કલામહાકુંભમાં તાલુકા,(ઝોન-વોર્ડ સમુહ) ,જિલ્લા, પ્રદેશકક્ષા(રીજીયનલ) અને રાજયકક્ષાએ સ્પર્ધામાં સમાવિષ્ટ કલાઓની યાદી,વિજેતાના ઈનામ અને માનદ વેતન (જજ/રેફરી/સહાયક) ની વિગતો પરિશિષ્ટ-૧ ઉપર ઉપલબ્ધ છે.

૪. સ્પર્ધામાં ભાગલેનાર કલાકારોની કક્ષા, વયજુથનુસાર નીચે પ્રમાણે રહેશે. (તા. ૩૧/૧૨/૨૦૧૭ની કટ ઓફ ડેટ ગણીને)

(અ) ૧૦ વર્ષથી નાના કલાકારો (જન્મ તારીખના પુરાવા)

(બ) ૧૧ વર્ષથી ૨૦ વર્ષ સુધીના વયજુથના કલાકારો (જન્મ તારીખના પુરાવા)

(ક) ૨૧ વર્ષથી ઉપરના (ઓપન ગૃપ)ના કલાકારો

ઉકત વયજુથ પુરુષો, મહિલાઓ માટે ઉપલબ્ધ રહેશે.

૫. કલામહાકુંભના આયોજન તેમજ તેની કામગીરી માટેની રાજયકક્ષાની માર્ગદર્શક સમિતિ(કોર કમિટી) નીચે પ્રમાણે છે.

| ક્રમ | સમિતિના સભ્ય/હોદ્દાની રૂએ | વિભાગ/કચેરી | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી (રા.ક.), | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨ | માન. મંત્રીશ્રી (રા.ક.), | શિક્ષણ વિભાગ | સભ્યશ્રી |
| ૩ | સચિવશ્રી, | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ | સભ્યશ્રી |
| ૪ | અગ્રસચિવશ્રી | પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ | સભ્યશ્રી |
| ૫ | અગ્રસચિવશ્રી | ટેકનીકલ અને ઉચ્ચ શિક્ષણ | સભ્યશ્રી |
| ૬ | ડાયરેક્ટર જનરલશ્રી, | સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત | સભ્યશ્રી |
| ૭ | વાઈસ ચાન્સેલરશ્રી, | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી | સભ્યશ્રી |
| ૮ | નાણા સલાહકારશ્રી(ર.ગ), અને નાયબ/સંયુક્ત સચિવશ્રી | નાણા વિભાગ | સભ્યશ્રી |
| ૯ | નાયબ/સંયુક્ત સચિવશ્રી(સાં.પ્ર) | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ | સભ્યશ્રી |
| ૧૦ | કમિશનરશ્રી, | યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી | સભ્ય સચિવશ્રી |
| ૧૧ | ખાસ ફરજ પરના અધિકારીશ્રી, | યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી | સભ્યશ્રી |
| ૧૨ | સભ્ય સચિવશ્રી, | ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી | સભ્યશ્રી |

૬(અ) . કલામહાકુંભના આયોજન તેમજ તેની કામગીરી માટેની રાજ્યકક્ષાની અમલીકરણ સમિતી નીચે પ્રમાણે છે.

| ક્રમ | સમિતિના સભ્ય/હોદ્દાની રૂએ | વિભાગ/કચેરી | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | સચિવશ્રી, | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨ | નાયબ/સંયુક્ત સચિવશ્રી (સાં.પ્ર), | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | સભ્યશ્રી |
| ૩ | અગ્રસચિવશ્રી | પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ | સભ્યશ્રી |
| ૪ | અગ્રસચિવશ્રી | ટેકનીકલ અને ઉચ્ચ શિક્ષણ | સભ્યશ્રી |
| ૫ | નિયામકશ્રી, | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૬ | કમિશનરશ્રી, | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૭ | ડાયરેક્ટર જનરલશ્રી, | સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત | સભ્યશ્રી |
| ૮ | વાઈસ ચાન્સેલરશ્રી, | સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી | સભ્યશ્રી |
| ૯ | ખાસ ફરજ પરના અધિકારીશ્રી, | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |
| ૧૦ | સભ્ય સચિવશ્રી, | ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી | સભ્યશ્રી |
| ૧૧ | નાણા સલાહકારશ્રી, | નાણા વિભાગ | સભ્યશ્રી |
| ૧૨ | સહાયક નિયામકશ્રી, | સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન | સહ સભ્ય સચિવશ્રી |

<u>રાજ્યકક્ષાની કલામહાકુંભના અમલીકરણ સમિતિના કાર્યો અને સત્તાઓ:-</u>

૧) આ સમિતિ કૃતિઓમાં વધારો/ઘટાડો કે ફેરફાર કરી શકશે.

૨) આ સમિતિ સ્પર્ધાના વાર્ષિક સમય પત્રક નક્કી કરી શકશે.

૩) આ સમિતિ સ્પર્ધકની ઉંમર/વય જુથમાં ફેરફાર કરવાની સત્તા ધરાવશે

૪) કલામહાકુંભ કાર્યક્રમના આયોજન અંગેના નિર્ણયની સઘળી સત્તા ઉક્ત સમિતિની રહેશે.

૬(બ) . કલામહાકુંભના આયોજન તેમજ તેની કામગીરી માટેની પ્રદેશકક્ષા/જિલ્લાકક્ષાની અમલીકરણ સમિતી નીચે પ્રમાણે છે

| ક્રમ | સમિતિના સભ્ય/હોદ્દાની રૂએ | કચેરી | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી, | સંબધિત જિલ્લાઓ/(પ્રદેશ) | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, | સંબધિત જિલ્લાઓ/(પ્રદેશ) | સભ્યશ્રી |
| ૩ | કમિશનરશ્રી મહાનગરપાલિકાના પ્રતિનિધિ | સંબધિત જિલ્લાઓ/(પ્રદેશ) | સભ્યશ્રી |

| | | | |
|---|---|---|---|
| ૪ | પોલીસ અધિક્ષકશ્રી, | સંબધિત જિલ્લાઓ/(પ્રદેશ) | સભ્યશ્રી |
| ૫ | જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, | સંબધિત જિલ્લાઓ | સભ્યશ્રી |
| ૬ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, | સંબધિત જિલ્લાઓ | સભ્યશ્રી |
| ૭ | પ્રિન્સીપાલશ્રી, | સંબધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા (DIET) | સભ્યશ્રી |
| ૮ | પ્રમુખશ્રી, મંત્રીશ્રી, | સ્વામી વિવેકાનંદ યુવા મંડળ | સભ્યશ્રી |
| ૯ | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, | સંબધિત જિલ્લાઓ | સભ્યશ્રી |
| ૧૦ | સિનીયર કોચશ્રી (SAG), | સંબધિત જિલ્લાઓ | સભ્યશ્રી |
| ૧૧ | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સંબધિત જિલ્લાઓ | સભ્ય સચિવશ્રી |

૬(ક) કલામહાકુંભના આયોજન તેમજ તેની કામગીરી માટેની તાલુકાકક્ષાની અમલીકરણ સમિતી નીચે પ્રમાણે છે.

| ક્રમ | સમિતિના સભ્ય | કચેરી | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, | સંબધિત પ્રાંતો | **અધ્યક્ષશ્રી** |
| ૨ | મામલતદારશ્રી, | સંબધિત તાલુકાઓ | **સભ્યશ્રી** |
| ૩ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, | સંબધિત તાલુકાઓ | **સભ્યશ્રી** |
| ૪ | પ્રમુખશ્રી/મંત્રીશ્રી, | સ્વામી વિવેકાનંદ યુવા મંડળ | **સભ્યશ્રી** |
| ૫ | પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી, | સંબધિત જિલ્લા રમતગમત અધિકારીની કચેરી | સભ્યશ્રી |
| ૬ | કન્વીનરશ્રી, યુવા ઉત્સવ | સંબધિત શાળા | સભ્ય સચિવશ્રી |
| ૭ | આચાર્યશ્રી, | સંબધિત શાળા | સભ્યશ્રી |
| ૮ | તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી | સંબધિત તાલુકા પંચાયત (શિક્ષણ) | સભ્યશ્રી |

<u>૭. સ્પર્ધાનું લેવલ – ૪ કક્ષાએ</u>

A - તાલુકાકક્ષા (૨૫૦ તાલુકા અને ૬૭ ઝોન/મહાનગરપાલિકાના વોર્ડનો સમુહ)

B - જિલ્લા કક્ષા (૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકા)

C - પ્રદેશ કક્ષા (રીજીયનલ)

D - રાજ્યકક્ષા ( ૪ ઝોનના ૧ થી ૨ નંબરના વિજેતાઓ)

- રાજ્યના ૪૧ જિલ્લાઓ/મહાનાગરપાલિકાના સમુહને નીચે જણાવેલ સંભવિત પ્રદેશ કક્ષા તરીકે નક્કી કરેલ છે.

| ક્રમ | ઉત્તર ગુજરાત ઝોન | દક્ષિણ ગુજરાત ઝોન | મધ્ય ગુજરાત ઝોન | સૌરાષ્ટ્ર ઝોન |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ડાંગ(આહવા) | વડોદરા શહેર | પોરબંદર |
| ૨ | પાટણ | નવસારી | વડોદરા ગ્રામ્ય | જૂનાગઢ શહેર |
| ૩ | મહેસાણા | નર્મદા | પંચમહાલ | જૂનાગઢ ગ્રામ્ય |
| ૪ | સાબરકાંઠા | સુરત શહેર | દાહોદ | ગીર સોમનાથ |
| ૫ | ગાંધીનગર શહેર | સુરત ગ્રામ્ય | મહિસાગર | દેવભૂમિ દ્વારકા |
| ૬ | ગાંધીનગર ગ્રામ્ય | વલસાડ | ખેડા | જામનગર શહેર |
| ૭ | અરવલ્લી | ભરૂચ | આણંદ | જામનગર ગ્રામ્ય |
| ૮ | અમદાવાદ શહેર | તાપી | બોટાદ | ભાવનગર શહેર |
| ૯ | અમદાવાદ ગ્રામ્ય | છોટાઉદેપુર | મોરબી | ભાવનગર ગ્રામ્ય |
| ૧૦ | કચ્છ | - | સુરેન્દ્રનગર | અમરેલી |
| ૧૧ | - | - | - | રાજકોટ શહેર |
| ૧૨ | - | - | - | રાજકોટ ગ્રામ્ય |

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ના અંદાજ પત્રમાં બજેટ સદર માંગણી નં. :૯૮, મુખ્ય સદર :૨૨૦૫- કલા અને સંસ્કૃતિ, ગૌણ સદર : ૧૦૨-કલા અને સંસ્કૃતિને ઉત્તેજન, પેટા સદર: ૦૮-એઆરટી-યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, અન્યને સહાયક અનુદાન-૩૧૩૫-Grants in Aid-General to others હેઠળ મહેસુલ સદરે ઉધારવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રૂપલ જોશી
(આર.જી જોષી)

ઉપ સચિવ(સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ)

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

નકલ રવાના :-

૧) માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩) માનનીય મંત્રીશ્રી (રમતગમત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪) માનનીય મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૫) માનનીય સંસદીય સચિવશ્રી (રમતગમત)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

૬) મનનીય મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૭) અગ્ર સચિવશ્રી (પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮) અગ્ર સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૦) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૧) સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર

૧૨) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની સર્વે શાખાઓ,

૧૩) માહિતી કમિશનરશ્રી, માહિતી કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

૧૪) કમિશનરશ્રી, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૧૫) વિભાગ હસ્તકના સર્વે ખાતાની વડાની કચેરીઓ.

૧૬) જિલ્લા કલેકટરશ્રી (તમામ).

૧૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ).

૧૮) ગુજરાત રાજયમાં આવેલ તમામ સરકારી,ખાનગી,સેલ્ફ ફાઇનાન્સ,યુનિર્વસીટીઓના રજીસ્ટ્રારશ્રી (યાદી મુજબ)

૧૯) નાણા સલાહકારશ્રી (ર.ગ), અને સંયુક્ત/નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨૦) સેકશન અધિકારી, નાણાશાખા (ર.ગ), નાણાવિભાગ, સચિવાલય ગાંધીનગર.

૨૧) સેકશન અધિકારી(અ) ર.ગ.યુ અને સાં.પ્ર. વિભાગ સિલેકટ ફાઈલ , શાખા સિલેકટ ફાઈલ

૨૨) સર્વે જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી, (કમિશનશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મારફત)

૨૩) વેબસાઈટ ઈન્ચાર્જશ્રી, ર.ગં.યુ અને સાં.પ્ર. વિભાગની વેબસાઈટ પર અપલોડકરી સતત અપડેટ કરવા સારૂ.

# પરિશિષ્ટ-૧

<u>સ્પર્ધાનું સંભવિત રજીસ્ટ્રેશન :</u>

- રજીસ્ટ્રેશન તા. 03/0૭/૨૦૧૭ થી તા. ૧૭/0૭/૨૦૧૭ સુધી દિન – ૧૫

<u>સ્પર્ધાનું સમયપત્રક :</u>

૧) તાલુકાકક્ષા - તા. ૧૯/0૭/૨૦૧૭ થી તા. ૨૪/0૭/૨૦૧૭ દિન - 0૬

૨) જિલ્લાકક્ષા - તા. ૨૦/0૭/૨૦૧૭ થી તા. ૧૦/0૮/૨૦૧૭ દિન - ૨૦

3) પ્રદેશકક્ષા - તા. ૨૬/0૮/૨૦૧૭ થી તા. 0૨/0૯/૨૦૧૭ દિન - 0૭

૪) રાજ્યકક્ષા - તા. 0૫/0૯/૨૦૧૭ થી તા. ૧૦/0૯/૨૦૧૭ દિન - 0૬

<u>કલાકૃતિઓ (સ્પર્ધાઓ)</u>

| ક્રમ | મુખ્ય કલા | કલાની વિગત |
|---|---|---|
| ૧ | ગાયન વિભાગ | ૧) સુગમ સંગીત,<br>૨) ગીત,<br>3) શાસ્ત્રીય કંઠ્ય સંગીત,<br>૪) સમૂહ ગીત |
| ૨ | નૃત્ય વિભાગ | ૧) ગરબા<br>૨) રાસ<br>3) ભરતનાટ્યમ<br>૪) કથ્થક<br>૫) લોકનૃત્ય (સમૂહનૃત્ય) |
| 3 | વાદન વિભાગ | ૧) વાંસળી<br>૨) તબલા<br>3) હાર્મોનિયમ (હળવું)<br>૪) ઓરગાન<br>૫) પખાવજ<br>૬) સિતાર<br>૭) ગિટાર<br>૮) વાયોલીન<br>૯) સ્કુલ બેન્ડ<br>૧૦) મૃદંગમ |
| ૪ | અભિનય | ૧) એક પાત્રીય અભિનય |

સામાન્ય નિયમો:

૧. કોઇ માહિતી છુપાવવી નહી અને ખોટી માહિતી આપવી નહી.

૨. કાર્યક્રમ-સ્પર્ધા વખતે (સ્થળે)અસભ્ય વર્તન ન કરવું.

૩. કોઇપણ વ્યક્તિ એક જ ઇવેન્ટમાં ભાગ લઇ શકશે.

૪. ઉંમરના પુરાવા આપવા જરૂરી છે. આ માટે પોતાની (જન્મતારીખ, ફોટોગ્રાફ દર્શાવતા) ફોટોગ્રાફ સાથેના (ફોટો આઈડી) ,ચુંટણી કાર્ડ, સંસ્થા-કોલેજનું આઇકાર્ડ, આધાર કાર્ડ,પાનકાર્ડ વગેરે

૫. એક જ તાલુકામાંથી સ્પર્ધક કોઈપણ એક જ તાલુકા કે એકમ(વોર્ડ,સમુહ,ઝોન)માંની એક જ કલાકૃતિમાં સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઈ શકશે.

૬. સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવામાં આવશે. નવી કોઇ સગવડ ઉભી કરવામાં આવશે નહીં.

૭. દરેક સ્પર્ધા માટે દર્શાવેલ નિયત સમય મર્યાદામાં ૧/૫ ભાગની સમય મર્યાદાની છુટ આપી શકાશે.

૮. પોતાને જરૂરી પ્રોપટી, સાધન, મેક અપ, અન્ય જરૂરી વધુ લાઇટ વગેરે સાધન સામગ્રી પોતેજ લાવવાની રહેશે.

૯. નિર્ણાયકોના નિયમ અને નિર્ણય આખરી રહેશે. કોઇપણ વાદ વિવાદ ચાલશે નહીં કે તેમજ કોઈ કક્ષાએ પડકારી શકાશે નહી.

૧૦. કાર્યક્રમના આગલા દિવસે જાતે જ કાર્યક્રમની વિગત મેળવી લેવાની રહેશે, જેથી કોઈ ફેરફાર હોય તો તેનાથી માહિતગાર થઈ જવાનું રહેશે.

૧૧. કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહેશે.

૧૨. નિર્ણાયકો કે આયોજક સાથે અસભ્ય વર્તન કરનાર વ્યક્તિ/સંસ્થાને ૩ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.

૧૩. પોતાના કોસ્ચ્યુમ સાધન, લાઇટ, માઇક વગેરે માટે કોઈ વધારાની સગવડ મળશે નહીં.

૧૪. પ્રદેશ(ઝોન)કક્ષાએ ભાગ લેવા માટે જિલ્લાની પ્રથમ નીચેની કક્ષાએ ભાગ લેવાનો રહેશે.

૧૫. રાજ્યકક્ષાની સ્પર્ધામાં તેમના પ્રદેશનું પ્રતિનિધિત્વ કરવા પાત્રતા ધરાવશે તે જ ભાગ લઈ શકશે.

૧૬. એક કલાકાર એક જ કૃતિમાં ભાગ લઈ શકશે.

૧૭. તાલુકાકક્ષાથી શરૂ થતી સ્પર્ધામાં જે તે ઉંમર ગૃપે જે તે કક્ષાથી ભાગ લેવાનો રહેશે.

૧૮. જિલ્લાકક્ષાથી શરૂ થતી સ્પર્ધામાં જે તે ઉંમર ગૃપે જે તે કક્ષાથી ભાગ લેવાનો રહેશે પોતાના ખર્ચે તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે.

૧૯. પ્રદેશ અને રાજ્યકક્ષાની સ્પર્ધા સમયે નિવાસ, પ્રવાસ, ભોજન ની વ્યવસ્થા કરવામાં આવશે.

૨૦. જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાઓ પુર્ણ થયા બાદ બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે ત્યારે, તે રીતે, તે માધ્યમથી પરિણામ જાહેર કરવામાં આવશે.

૨૧. તાલુકાકક્ષાએ(પ્રથમ) વિજેતા સ્પર્ધકોએ જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે.

૨૨. જિલ્લાકક્ષાએ(પ્રથમ) વિજેતા સ્પર્ધકોએ પ્રદેશકક્ષાએ ભાગ લેવાનો રહેશે.

૨૩. પ્રદેશકક્ષાએ(પ્રથમ) વિજેતા સ્પર્ધકોએ રાજ્યકક્ષાએ ભાગ લેવાનો રહેશે.

૨૪. પ્રદેશ અને રાજ્યકક્ષાએ વિજેતા કલાકારોને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

૨૫. જે તે કાર્યક્રમ શરૂ થવાના એક કલાક અગાઉ સ્પર્ધકોએ સુરક્ષા ચકાસણી બાદ પહોંચીને પોતાનું રીપોર્ટીંગ પોતે જ કરાવવાનું રહેશે.

૨૬. આયોજકો, નિર્ણાયકોની સાથે આયોજન તથા સ્પર્ધા સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે.

૨૭. અશિસ્ત કરનાર અથવા બેહુદુ વર્તન કરનારને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે અને આગામી ત્રણ વર્ષ સુધી સ્પર્ધામાં ભાગ લેવા પર પ્રતિબંધ મુકવામાં આવશે. તેમની શાળા/સંસ્થા/વાલીને જાણ કરાશે.

૨૮. સ્પર્ધાને અનુરૂપ કૃતિ ન હોય તો તે કૃતિને આયોજકો/નિર્ણાયકો સ્પર્ધામાંથી સ્પર્ધક સહિતને દુર કરાશે સ્પર્ધકને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી.

૨૯. નિર્ણાયકો અને આયોજકોનો નિર્ણય આખરી રહેશે. સ્પર્ધકે જે ગ્રામ્ય/શહેર, તાલુકા કે જિલ્લામાંથી ભાગ લેતો હોય તે જિલ્લા, તાલુકા, ગ્રામ્ય/શહેરનો નિવાસ અંગેનો આધાર આપવાનો રહેશે.

30. નિવાસ માટે તે વિસ્તારનું (આધારકાર્ડ, ચુંટણી કાર્ડ,પાનકાર્ડ, રેશનકાર્ડ, લાયસન્સ વગેરે) KYC આપવાનું રહેશે. વિદ્યાર્થીના કેસમાં જે તે સ્કુલ, કોલેજનું બોનાફાઈટ પ્રમાણપત્ર તથા સંસ્થાનું ઓળખપત્ર અને નોકરીયાતના કિસ્સામાં તે સંસ્થાનો લેટર, આઈ.કાર્ડ, અને સ્પર્ધાના રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખે વિસ્તારમાં છ મહિનાથી રહેવાનો આધાર આપવાનો રહેશે.

૩૧.દરેક કૃતિમાં ત્રણ નિર્ણાયકો ફરજીયાત રહેશે. વિજેતા ક્રમ એકથી ત્રણ આપવાના રહેશે. અને જેમાં પ્રથમ, બીજા કે ત્રીજા નંબરે બે નંબર (બેકેટ નંબર) આપવાના નથી. ઈનામ માટે જે તે વય જુથમાં ઓછામાં ઓછા ચાર સ્પર્ધકે સ્પર્ધામાં હાજર રહી ભાગ લેવાનો રહેશે.

ઈનામની વિગતો

| રાજ્યકક્ષામાં વિજેતા કલાકારોને મળનાર ઈનામ/રોકડ પુરસ્કારની રકમ | | | |
|---|---|---|---|
| નંબર | રકમ | સંખ્યા | ઉંમર ગ્રૃપ |
| પ્રથમ | ૫૦૦૦ | ૯૨ | 3 |
| દ્વિતીય | ૪૦૦૦ | ૯૨ | 3 |
| તૃતીય | ૩૦૦૦ | ૯૨ | 3 |

| ચાર પ્રદેશકક્ષામાં વિજેતા કલાકારોને મળનાર ઈનામ/રોકડ પુરસ્કારની રકમ | | | |
|---|---|---|---|
| નંબર | રકમ | સંખ્યા | ઉંમર ગ્રૃપ |
| પ્રથમ | ૩૦૦૦ | ૯૨ | 3 |
| દ્વિતીય | ૨૫૦૦ | ૯૨ | 3 |
| તૃતીય | ૨૦૦૦ | ૯૨ | 3 |

| ચાર પ્રદેશકક્ષામાં વિજેતા સહાયકને મળનાર ઈનામ/રોકડ પુરસ્કારની રકમ | | |
|---|---|---|
| ઉંમર ગ્રૃપ | પ્રથમ વિજેતા સહાયક | સંખ્યા |
| ૧૦ વર્ષથી નાના | ૫૦૦ | ૧૨૬ |
| ૧૧ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ૫૦૦ | ૧૨૬ |
| ૨૧ વર્ષથી (ઓપન ગ્રૃપ) | ૫૦૦ | ૧૨૬ |

| જિલ્લા કક્ષામાં વિજેતા કલાકારોને મળનાર ઈનામ/રોકડ પુરસ્કારની રકમ | | | |
|---|---|---|---|
| નંબર | રકમ | સંખ્યા | ઉંમર ગ્રૃપ |
| પ્રથમ | ૧૦૦૦ | ૯૨ | 3 |
| દ્વિતીય | ૭૫૦ | ૯૨ | 3 |
| તૃતીય | ૫૦૦ | ૯૨ | 3 |

| જિલ્લા કક્ષામાં વિજેતા સહાયકને મળનાર ઈનામ/રોકડ પુરસ્કારની રકમ | | |
|---|---|---|
| ઉમર ગૃપ | પ્રથમ વિજેતા સહાયક | સંખ્યા |
| ૧૦ વર્ષથી નાના | ૫૦૦ | ૧૪ |
| ૧૧ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ૫૦૦ | ૨૧ |
| ૨૧ વર્ષથી (ઓપન ગૃપ) | ૫૦૦ | ૧૪ |

<u>નિર્ણાયકોનું માનદ વેતન</u> :-

| કક્ષા | | રકમ | દિવસ | સંખ્યા |
|---|---|---|---|---|
| તાલુકા | નિર્ણાયક | ૩૦૦ | ૧ | ૩૩ |
| | વ્યવસ્થાપકો | ૧૫૦ | ૧ | ૧૦ |
| | એનાઉન્સર સ્ટેજ વાઈઝ | ૩૦૦ | ૧ | ૦૩ |
| જિલ્લા | નિર્ણાયક | ૭૫૦ | ૧ | ૬૦ |
| | વ્યવસ્થાપકો | ૨૫૦ | ૨ | ૨૫ |
| | એનાઉન્સર (સ્થાનિક) | ૭૫૦ | ૨ | ૦૪ |
| રીજીયોનલ | નિર્ણાયક | ૨૦૦૦ | ૧ | ૬૦ |
| | વ્યવસ્થાપકો | ૪૦૦ | ૪ | ૩૫ |
| | એનાઉન્સર (સ્થાનિક) | ૨૦૦૦ | ૪ | ૦૪ |
| રાજ્ય | નિર્ણાયક | ૨૫૦૦ | ૧ | ૬૦ |
| | વ્યવસ્થાપકો | ૬૦૦ | ૫ | ૪૫ |
| | એનાઉન્સર (સ્થાનિક) | ૨૫૦૦ | ૫ | ૦૬ |

——— X ———

જીલ્લા:- ---------------------------

# કલા મહાકુંભ ૨૦૧૭

## તાલુકા/ઝોન/જિલ્લા કક્ષાની સ્પર્ધા માટેનું અરજી પત્રક

(૧) સ્પર્ધક નામ :- ----------------------------------------

#(૨) શાળા/કોલેજનું નામ :- ----------------------------------------

(૩) ઘરનું સરનામું :- ----------------------------------------

----------------------------------------

(૪) જન્મ તારીખ:- ------------------ #(૫) ધોરણ :- ------------------

(અભ્યાસ ન કરતા કલાકારોએ જન્મ તારીખનો દાખલો/આધારકાર્ડની ખરી નકલ જોડવી)

(૬) ઇ મેઇલ એડ્રેશ:- ----------------------------------------

(૭) મોબાઇલ નંબર:- ------------------ (૮) ટેલીફોન નંબર:- ------------------

| સ્પર્ધક ગમે તે એક જ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે, અને પસંદ કરી (√) નિશાની કરવી. | મુખ્ય કલા | કલા | નિશાની કરવા માટે |
|---|---|---|---|
| | સંગીત | સુગમ ગીત | |
| | | ગીત | |
| | | શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) | |
| | | સમુહગીત | |
| | નૃત્ય | ગરબા | |
| | | રાસ | |
| | | ભરતનાટ્યમ | |
| | | કથ્થક | |
| | | લોક નૃત્ય (સમુહ નૃત્ય) | |
| | વાદન | વાંસળી | |
| | | તબલા | |
| | | હાર્મોનિયમ (હળવું) | |
| | | ઓરગન | |
| | | પખવાજ | |
| | | સિતાર | |
| | | ગિટાર | |
| | | વાયોલીન | |
| | | સ્કુલ બેન્ડ | |
| | | મૃદંગમ | |
| | અભિનય | એક પાત્રીય અભિનય | |
| ઉંમર ગૃપ | (૧) | ૧૦ વર્ષથી નાના | |
| | (૨) | ૧૧ વર્ષથી ૨૦ વર્ષ સુધીના | |
| | (૩) | ૨૦ વર્ષથી ઉપરના (ઓપન) | |
| જાતિ | (૧) | પુરૂષ | |
| | (૨) | સ્ત્રી | |

#સંસ્થાના વડાની સહિ/સિક્કા:-

સ્પર્ધકની સહિ:- ------------------

સમુહ સ્પર્ધા માટે (ગરબા, રાસ, ભરતનાટ્યમ, કથ્થક, લોકનૃત્ય (સમુહનૃત્ય), શૌર્યગીત, સ્કુલ બેન્ડ) કલાકારની યાદી

શાળા/સંસ્થાનું નામ તથા સરનામું :- ----------------------------------------------------------------

----------------------------------------------------------------

સંચાલકશ્રીનું નામ:- ---------------------------------------- મોબાઇલ નંબર :- ----------------------------

સ્પર્ધાનું નામ:- ----------------------------------------------------------------

| ક્રમ | સ્પર્ધકનું નામ | સરનામું | જન્મ તારીખ | જાતિ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |
| ૧૭ | | | | |
| ૧૮ | | | | |
| ૧૯ | | | | |
| ૨૦ | | | | |
| ૨૧ | | | | |

ખાસ નોંધ:- ગરબા, રાસ, લોક નૃત્ય (સમુહ નૃત્ય) ટીમમાં નીચેની વય ધરાવતા કલાકારો ઉપલી કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સહાયકશ્રીના નામ :-

# આચાર્યશ્રી/સંસ્થા સંચાલકના સહિ/સિક્કા :-

# ( લાગુ પડતું હોઇ ત્યાં )